# બાળકો મધ્યે સંગત અને કુટુંબને લગતી સલાહ સેવા

પ્રાર્થના : વહાલા પ્રભુ, યુસફની માફક પોતાના કુટુંબીજનો સાથે વર્તન કરવા માટે આ બાળકોની સહાય કરો.

વર્તમાન જરૂરિયાતો મુજબની પ્રવૃત્તિઓ પંસદ કરો.

ઊંટોના સંઘનું ચિત્ર બાળકો પાસે દોરાવો. આ સંઘમાં યુસફને ઈજીપ્ત લઈ જવામાં આવ્યો હતો.



યુસફ અને તેના ભાઈઓ જેઓમાંથી આખી ઈસ્રાએલ પ્રજા બની તેમની વાર્તા ટૂંકમાં એક મોટો છોકરો કહી જાય. (**ઉત્ત. ૩૭ અને ૩૯ થી ૪૬**)

- તેના ભાઈઓ તેની (યુસફની) અદેખાઈ કરતા હતા કારણ કે તેના બાપ ઈસ્ત્રાએલે તેને એક સુંદર ઝભ્ભો આપ્યો હતો. (આ યુસફ એટલે મરિયમનો પતિ નહિ)
- તેઓ યુસફને ધિક્કારતા કારણ કે તેને સ્વપ્ન આવ્યું હતું કે તેઓ તેની આગળ નમશે.
- તેઓએ તેને મારી નાખવાનું કાવત્રું રચ્યું પણ પછીથી તે બદલીને તેઓએ તેને ગુલામ તરીકે પરદેશીઓને વેચી દીધો.
- ઈજીપ્તના રાજાના અધિકારી પોટીફારે તેને ખરીદી લીધો અને યુસફે પોટીફારને ત્યાં ડાહપણથી કામ કર્યું.
- યુસફ, અન્યાય અને દુર્દશાના સમયો સહન કર્યા પછી ફારુન રાજાના જમણા હાથનાા અધિકારી તરીકે માન પામ્યો.
- દુકાળ વખતે તેના ભાઈઓ તેની પાસે અનાજ વેચાતુ લેવા આવ્યા પણ તેને ઓળખી શક્યા નહિ.
- તેણે તેઓના પૈસા પાછા આપ્યા અને તેઓને ઘેર મોકલતા કહ્યું કે નાના ભાઈ બેન્જામિનને લાવ્યા સિવાય પાછા આવતા નહિ.

**ઉત. ૪૪ અને ૪૫ :૧-૧૫**માંથી વાર્તાનો છેલ્લો ભાગ કહો અથવા ભજવી બતાવો. જ્યારે યુસફના ભાઈઓ ઈજીપ્તમાં તેઓના નાના ભાઈ બેન્જામિનને લઈને પાછા આવ્યા ત્યારે યુસફે શું કર્યું તે વાર્તા.

વાર્તા કહ્યા પછી નીચેના પ્રશ્નો પૂછો.

- બિન્યામીન ના અનાજની ગુણમાં શું મૂકવાની આજ્ઞા યુસફે તેના કારભારીને આપી ? (ઉત. ૪૪ :૨)
- આ ચાંદીનો પ્યાલો ચોરવાની સજા શું હતી ? (૪૪ :૧૦)
- જેમ તેમણે યુસફને મૂકી દીધો હતો તેમ શું તેમણે બિન્યામીનને છોડયો ? (૪૪ :૩૩) (જવાબ - ના)
- ભાઈઓએ પોતે જે કર્યું હતું તે બાબતે તેઓ દુઃખી હતા ? (હા, ઉત. ૪૪ :૩૪)
- પોતાના ભાઈઓની સાથે વાત કરતા યુસફને કેવી લાગણી થઈ ? (૪૫ :૨)
- શું યુસફે તેના ભાઈઓને માફ કર્યા ?(૪૫:૧૫-૧૬)

યુસફ અને તેના ભાઈઓની વાર્તાનું નાટક ભજવો. ભજનસેવાના અધિકારી પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો.

**મોટા બાળકો** અથવા સભાજન **વર્ણન કરનાર, યહુદાહ, નોકરો** અને **યુસફ** જેની પાસે કોથળો છે તે પાત્રો ભજવે.

**નાના બાળકો બિન્યામિન** અને **અન્ય ભાઈઓ** બને બધા પાસે અનાજ માટે કોથળા છે.

**વર્ણન કરનાર :** ઉત. ૪૪ :૧-૧૩ પ્રમાણે નાટકનો પ્રથમ ભાગ કહે. પછી બોલે. યુસફ પોતાના કારભારીને શું કહે છે તે સાંભળો, યુસફ તેના ચાકરોને શું કહે છે.''

**યુસફઃ** ''ચાકરો આ ચાંદીનો પ્યાલો સૌથી નાના ભાઈની ગુણમાં છુપાવી દો.''

**ચાકરો :** બિન્યામીનની ગુણમાં તે પ્યાલો સંતાડી દે છે.

**ભાઈઓ :** (ચાલ્યા જાય છે) ''ઈશ્વરનો આભાર કે મિસરીઓએ આપણને આપણા ભૂખ્યા પરિવાર માટે અન્ન આપ્યું.''

**ચાકરો :** બિન્યામીનની પાછળ દોડીને જાય છે ને કહે છે ''તેં અમારા ધણીનો પ્યાલો ચોર્યો છે. જુઓ તે આ રહ્યો. હવે તારી શિક્ષાએ છે કે તું ગુલામ બનીશ.''

**ભાઈઓ :** દુ:ખી થઈને જાય છે. ''હવે આપણી ગુલામ બનીશું.'' ''આપણે યુસફ ને જે કર્યું તેની દેવ આપણને શિક્ષા કરે છે.''

**વર્ણન કરનાર :** ઉત્પતિ ૪૪ :૧૪-૩૪ પ્રમાણે નાટકનો બીજો ભાગ કહે. પછી બોલે, યુસફ શું કહે છે તે સાંભળો.

**યહુદા :** ''મારા સાહેબ, કૃપા કરીને બિન્યામીનની જગાએ મને કારાવાસમાં પૂરો. જો બિન્યામીન ઘેર પાછો નહીં જાય તો મારો વૃદ્ધ બાપ તે જીરવી નહીં શકે.

**વર્ણન કરનાર :** વાર્તાનો ત્રીજો ભાગ ઉત. ૪૫ :૧-૧૫ પ્રમાણે કહે પછી બોલે, સાંભળો યુસફ શું કહે છે.

**યુસફ :** મારા ભાઈઓ ! હું અત્યંત હર્ષિત છું. તમે મારું ભૂંડું કરવા ધાર્યું પણ દેવે તેમાંથી સારું ઉપજાવ્યું તમારી અને તમારા કુટુંબની કાળજી માટે દેવ મને અહીં લાવ્યો. હુંતમને બધું માફ કરું છું.

**વર્ણન કરનાર :** ભાગ લેનાર સર્વનો આભાર માને છે.

જો બાળકોએ આ નાટક મોટાઓ આગળ ભજવ્યું હોય તો ઉપરના **પ્રશ્નો તેમને પૂછવા દો.**

કુટુંબના સભ્યો એકબીજાને વાંધારૂપ જે કેટલીક બાબતો કરે છે તે કાગળના નાના ટુકડાઓ પર લખો. આ ટુકડાઓ એક કપમાં મૂકો અને તે બાબતો માફ કરવા માટે દેવને પ્રાર્થના કરો. ત્યારબાદ આ કપ ઊંધો કરીને ટુકડા જમીન પર પાડો જે બતાવે છે કે આ સર્વ બાબતો તમે દેવને સોંપી છે. ફરીથી દેવને પ્રાર્થના કરીને જેઓ તમને નુકશાન કરે છે તેમને માટે માફી માંગો અને તેમના પર પ્રેમ કરવા માટે દેવનીસહાય માંગો.

એક અનાજની ગુણનું **ચિત્ર દોરો**. બાળકો તેની કોપી કરે. તેઓ ચિત્રની સમજૂતિ હવેની ભજનસેવા વખતે આપે અથવા ઘેર માબાપને આપે. તે ચિત્રો બતાવે છે કે આપણે આપણા કુટુંબના સભ્યો પ્રત્યેના અણગમા કેવી રીતે દૂર કરી શકીએ. આપણે આપણા ગજગ્રાહો ગુણમાં મૂકીએ છીએ અને પ્રભુને સોંપીએ છીએ. તે આપણા પાપ લઈ લે છે.



ભૂતકાળમાં આપણા કુટુંબીજનોએ આપણને દુઃખ પહોંચાડયું હોય તેને માટે તેમને ક્ષમા આપવી જોઈએ તેવા બીજા ઉદાહરણો ક્યા છે ?

**બાળકો ના અંગત પ્રશ્નો વિષે પ્રતિક્રિયા કરો.**

- જો કોઈ બાળકને કંઈ પ્રશ્ન છે તો અન્ય જૂથને બાજુએ રાખીને તેને ખાસ સમય આપો.
- તેની વાત ધ્યાનથી સાંભળોને સમસ્યાના મૂળ સુધી પહોંચો. તેની સાથે પ્રાર્થના કરો.
- તેની ઉપર ઉપરની શરુઆતની વાતો કરતાં તેના મૂળને હલ કરવા પ્રયત્ન કરો.
- સમસ્યાને તેની યોગ્ય કક્ષાએ હલ કરો. જરૂર પડયે માતાપિતા સાથે વાત કરો.
- જો બાળક કોઈ ખોટી લાગણીથી પીડાતું હોય તો તે ધ્યાનમાં લો. તેને ખાતરી કરાવો કે તે દેવનું બાળક છે અને દેવ તેને માફ કરે છે અને પ્રેમ કરે છે.
- કેટલાક બાળકો ખોટી રીતે વર્તે છે તેમના પર ફક્ત ધ્યાન આપવાની જરૂર છે. બીજાઓની અથવા તેમના માબાપની સેવા કરવા માટે તેમને કંઈ પ્રવૃત્તિઓ આપો. તેઓની સારી પ્રવૃત્તિના વખાણ કરો.
- નાના બાળકોને મોટા બાળકો સાથે કામ કરવા દો. મોટા છોકરા 'મોટા ભાઈઓ' તરીકે નાના બાળકો સાથે વર્તે અને તેમને શિસ્ત શિખવે. દરેક નાના બાળકનો એક 'મોટો ભાઈ' હોય.

પાંચ બાળકો ફિલીપી ૨ :૫-૯ કલમો દરેક એક કલમ બોલી જાય.

મોટા બાળકોને ગીતો બનાવવા પ્રોત્સાહન આપો, કુટુંબીઓને ક્ષમા આપવા વિષે નાટક લખવા દો.

એફેસી. ૪ઃ૩૨ **મુખપાઠ કરો.**

પ્રાર્થના : વહાલા પ્રભુ, અમારા કુટુંબના સભ્યો અમને દુઃખ પહોંચાડે તેમને ક્ષમા આપવી ખરેખર અઘરું કામ છે. ક્ષમા માટે અમારી સહાય કરો.

Copyright © 2003 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.